/૨

વિકલાંગ (દિવ્યાંગ) વ્યક્તિઓ માટે અનામત રાખી શકાય તેવી જગ્યાઓ સુનિશ્ચિત કરવા માટેની તજજ્ઞ સમિતિમાં બિન સરકારી સભ્યની નિમણૂંક કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૦૭/૦૯/૨૦૨૦.

<u>વંચાણે લીધા</u>:(૧) આ વિભાગનો તા.૦૨/૧૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાક:અપગ/૧૦૨૦૧૯//છ-૧.
(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૦૭/૦૭/૨૦૨૦નો પત્ર ક્રમાંક: સસુખા/ અપગ/નિગમ/૨૦૨૦-૨૧/૫૨૩.

**આમુખ** :-

ઉપરોકત વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ઠરાવથી The Rights of Persons with Disabilities Act, 2016ની કલમ 33(ii)ની જોગવાઇ મુજબ દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખી શકાય તેવી જગ્યાઓ સુનિશ્ચિત કરવા માટેની તજજ્ઞ સમિતિની રચના કરવામાં આવેલ છે. RPwD Act, 2016ની કલમ 33(ii)ની જોગવાઇ મુજબ તથા વંચાણે લીધેલ ક્રમાંક(૨)ના નિયામકશ્રી, સમાજ સુરક્ષાની દરખાસ્ત ધ્યાને લઇ, તજજ્ઞ સમિતિમાં બેન્ચમાર્ક ડિસેબીલીટી ધરાવતા વ્યક્તિઓના પ્રતિનિધિની બિન સરકારી સભ્ય તરીકે નિમણૂંક કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ** :-

વંચાણે લીધેલ ક્રમાંક(૧)ના ઠરાવથી રચવામાં આવેલ તજજ્ઞ સમિતિમાં ક્રમાંક:૮ પર બેન્ચમાર્ક ડિસેબીલીટી ધરાવતા વ્યક્તિઓના પ્રતિનિધિનો સમાવેશ સભ્ય તરીકે કરવામાં આવેલ છે. પુખ્ત વિચારણાને અંતે તજજ્ઞ સમિતિમાં બેન્ચમાર્ક ડિસેબીલીટી ધરાવતા વ્યક્તિઓના પ્રતિનિધિ તરીકે નીચે મુજબના બિનસરકારી સભ્યની નિમણૂંક તા.૩૧/03/૨૦૨૧ સુધીના સમય માટે કરવામાં આવે છે.

| ક્રમ | નામ/હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૮ | શ્રી કિશોરભાઇ મહેતા,<br>શ્રી મૂક બધીર સેવા ટ્રસ્ટ સંચાલિત શ્રીમતી ટી.એમ.આર.મહેતા બહેરાં મૂંગા શાળા, અમરેલી. | સભ્ય |

આ વિભાગના તા.૦૨/૧૨/૨૦૧૯ના ઠરાવથી રચવામાં આવેલ તજજ્ઞ સમિતિની અન્ય શરતો/જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(પ્રમેશ ગામેતી)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- કમિશનરશ્રી, દિવ્યાંગ વ્યક્તિઓ માટેના, બ્લોક નં-૨, કર્મયોગી ભવન,સેકટર-૧૦, ગાંધીનગર.
- કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, બ્લોક નં.૫, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- શ્રી કિશોરભાઇ મહેતા (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- નાયબ સચિવશ્રી (રોસ્ટર), સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ ,સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ-વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- નાયબ સેક્શન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.